જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૧/૨૦૨૪ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર દેશી દારૂ, ૭૬૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૪ બિયર ટીન, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૬/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૩૭/૨૦૨૪

**ગાયકવાડ હવેલીઃ** માતેમભાઇ વેલાભાઇ પડસારીયા (ઉ.વ.૩૧) (રહે. જીવન શિલ્પ સ્કુલ પાછળ કપડવંજ તા-કપડવંજ જી-ખેડા) તા.૦૬/૦૧/૨૦૨૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે આસ્ટોડીયા સૈયદવાડાથી શટલ રીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ માતેમભાઇ પડસારીયાની નજર ચુકવી પેન્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૫૦૦૦૦/- ચોરી કરી લઈ રિક્ષા ચાલકે ખમાસા ચાર રસ્તા પહેલા રીક્ષામાં ભીડ પડે છે તેમ કહી માતેમભાઇને રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ માતેમભાઇ પડસારીયા એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.વાઘેલા ચલાવે છે.

**નરોડાઃ** અનસુયાબહેન વા/ઓ વિઠલભાઈ ચમચારા (ઉ.વ.૭૪) (રહે. શ્રી નાથ હાઈટસ વ્રજ વિહાર સોસાયટી સામે કઠવાડા રોડ નરોડા) તા.૦૬/૦૧/૨૦૨૪ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે નરોડા વ્યાસવાડી કેનાલની બાજુમા આવેલ જોગણી માતાના મંદિર પાસે ફુલની લારીએ ફુલ ખરીદતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અનસુયાબહેન ચમચારાની નજર ચુકવી અનસુયાબહેન ચમચારાના હાથમા પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અનસુયાબહેન ચમચારા એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

## <u>સોનાની ચેઈન ઝુંટવી લઈ નાસી ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૩૮/૨૦૨૪</u>

**નરોડાઃ** સુરેખાબહેન વા/ઓ બાબુભાઈ પટેલ (ઉ.વ.૫૭) (રહે. સિલીકોન હાઈટ્સ સોમેશ્વર મહાદેવ બાજુમાં નાના ચિલોડા નરોડા) તા.૦૬/૦૧/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નરોડા નાના ચિલોડા સોમેશ્વર મહાદેવ મંદિરની પાસે શાકભાજી ખરીદતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુરેખાબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુરેખાબહેન પટેલએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી